અપીલ અરજી નં.૩૦૨ તા .૨૬–૯ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી અર્જુનસિંહ ફતેહસિંહ સોલંકી
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી અર્જુનસિંહ ફતેહસિંહ સોલંકીની તા. ૨૦–૬–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) તા. ૧૧–૪–૧૧થી મહારાણા પ્રતાપ સેનાના પત્ર ક્રમ સંખ્યા ૫ થી આપ સાહેબને આવેદન પત્રની નકલ આપી હતી જેમાં બોગસ ડોકટરની ફરીયાદ કરવામાં આવી હતી. આ વિનંતી પત્ર આપના અધિકાર ક્ષેત્ર હેલ્થ અને હોસ્પિટલ આરોગ્ય વિભાગને સંબંધિત હોવાથી આપ સાહેબના અધિકારીઓએ તે આવેદન પરથી શું શું કાર્યવાહી કરી તેની સંપૂર્ણ જાણકારીની પ્રમાણિત નકલ મોકલવા વિનંતી વિ.મુદ્દા નં. (૧) થી (૩)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૬–૯–૧૧ ની **SMC/FAP/** નં.૩૦૨/૨૦૧૧–૧૨

શ્રી અર્જુનસિંહ ફતેહસિંહ સોલંકીની તા. ૨૦–૬–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) તા. ૧૧–૪–૧૧થી મહારાણા પ્રતાપ સેનાના પત્ર ક્રમ સંખ્યા ૫ થી આપ સાહેબને આવેદન પત્રની નકલ મોકલી હતી જેમાં બોગસ ડોકટરની ફરીયાદ કરવામાં આવી હતી. આ વિનંતી પત્ર આપના અધિકાર ક્ષેત્ર હેલ્થ અને હોસ્પિટલ આરોગ્ય વિભાગને સંબંધિત હોવાથી આપ સાહેબના અધિકારીઓએ તે આવેદન પત્રને આધારે શું શું કાર્યવાહી કરી તેની સંપૂર્ણ જાણકારીની પ્રમાણિત નકલ આપવા વિનંતી વિ.મુદ્દા નં. (૧) થી (૩)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૬– ૯ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૯૦૦ તા.૧૦–૧૦–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) તથા અરજદારને તા. ૧૧–૪–૧૧ની અરજીની વિગતો/નકલો રજુ કરવા પક્ષકાર જાહેર માહિતી અધિકારી જણાવવા તથા લગભગ એક માસથી વધુ વિલંબીત અપીલ માટે વાજબીપણું જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તથા તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨૦–૬–૧૧ ની અરજીથી માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી મ્યુ. કમિ.શ્રી ને સંબોધતી અરજી મધ્યસ્થ કચેરી ખાતે કરવામાં આવેલ. જે અંગે અરજદાર નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી તા.૨૬–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારના અરજીના મુદ્દા નં.(૧) તા. ૧૧–૪–૧૧થી મહારાણા પ્રતાપ સેનાના પત્ર ક્રમ સંખ્યા ૫ થી આપ સાહેબને આવેદન પત્રની નકલ મોકલી હતી જેમાં બોગસ ડોકટરની ફરીયાદ કરવામાં આવી હતી. આ વિનંતી પત્ર આપના અધિકાર ક્ષેત્ર હેલ્થ અને હોસ્પિટલ આરોગ્ય વિભાગને સંબંધિત હોવાથી આપ સાહેબના અધિકારીઓએ તે આવેદન પત્રને આધારે શું શું કાર્યવાહી કરી તેની સંપૂર્ણ જાણકારીની પ્રમાણિત નકલ આપવા વિનંતી. મુદ્દા નં.(૨) ૧૦ વર્ષની અંદર ઉપરોકત બધા ડોકટરોની સામે કરેલી કાર્યવાહીની પ્રમાણિત નકલ આપવા. મુદ્દા નં.(૩) ઉપરોકત બધા બોગસ ડોકટરોની ડીગ્રી અને અન્ય બીજા દસ્તાવેજની પ્ર માણિત નકલ આપવા વિનંતી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી પૂરી પડાયેલ જણાતી નથી. જે બાબતે અરજદારનેતા. ૧૧–૪–૧૧ની અરજીની વિગતો/નકલો રજુ કરવા, પક્ષકાર જાહેર માહિતી અધિકારી જણાવવા તથા લગભગ એક માસથી વધુ વિલંબીત અપીલ માટે વાજબીપણું જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. અરજદારે વિલંબિત અપીલ અંગે આરટીઆઈ કાયદાની કલમ–૧૯(૧) હેઠળ વિલંબના કોઈ કારણ કે વ્યાજબીપણુ રજુ કરેલ નથી. તેથી પ્રથમ દર્શીય રીતે અપીલ ગ્રાહય રાખી શકાય નહીં તેમ છતાં કાયદાના હાર્દ અને ભાવના તથા આમુખથી ચરીતાર્થ થયેલ જોગવાઈને અનુલક્ષી અપીલ ગ્રાહય રાખવામાં આવેલ છે.

હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૨૦/૬/૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ માહિતી જો તેમના કાર્યક્ષેત્રમાં આવતી હોય તો દફતરી વિગતે ઉપલબ્ધ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા અન્યથા અન્ય જાહેર સત્તા મંડળને વધુ નિકટતાથી સ્પર્શતી હોય તો કાયદાની કલમ–૬(૩) હેઠળ દિન–૫ માં અત્રેની જાણ હેઠળ તબદીલ કરવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(લીંબાયતઝોન) ....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી અર્જુનસિંહ ફતેહસિંહ સોલંકી,